GJBK020154052025

**<u>ક્રિમીનલ કેસ નં.૮૫૫૧/૨૦૨૫ના કામે આંક-૧ લગત હુકમ :-</u>**

આજરોજ કાયમી લોકઅદાલત છે. આ કામના મુળ ફરીયાદી પ્રવિણસિંહ કરશનજી રાજપુતનાઓએ તા.૯/૧૦/૨૦૨૩ના રોજ હાલના આરોપી વિરૂધ્ધ તેમની ફરીયાદમાં જે કથનો લખેલ તે આક્ષેપો મુજબ તા.૩૦/૯/૨૩ના ક.૧૦:૦૦ થી તા.૩/૧૦/૨૦૨૩ના ક.૧૦:૦૦ સુધી હરકોઈ સમયે પાલનપુર બજાજ ફાઈનાન્સ લીમી. રૂદ્ર ચેમ્બર ડો.ગીરધર પટેલ માર્ગ ઉપરથી આ કામના ફરીયાદીનુ યામાહા કંપનીનું મો.સા. વર્ષ-૨૦૧૮ના મોડેલનુ આર.૧ ફાઈવ જેનો આર.ટી.ઓ. રજી.નં.GJ-08-BP-0594નુ જેનો એન્જીન નં.63K5E0036492 તથા ચેચીસ નં. ME1RG5219J0042477 છે, જેની કિંમત રૂા.૬૦,૦૦૦/-ના આશરાનુ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી ચોરી કરી લઈ જઈ આરોપી નં.(૧ )નાઓને જાણ હોવાછતાં ચોરીનુ મોટર સાયકલ રૂા.૧૦,૦૦૦/-માં ખરીદી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો આચરેલ હોવાછ અંગેની હાલની ફરીયાદ દાખલ કરેલ. આજરોજ ફરીયાદી તથા મુદામાલના મુળ માલીક તેમજ આરોપીઓ તથા આરોપીઓના વિ.વકીલશ્રી હાજર છે. જેથી ફરીયાદી તથા આરોપીઓ હાજર હોય સી.આર.પી.સી.ની કલમ-૩૨૦ અન્વયે હાલનો ઈ.પી. કોડની કલમ-૩૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો માંડવાળ કરી હાલનો કેસ ફેંસલ કરવાની આંક-૦૮ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. આ કામે પક્ષકારો વચ્ચે

વચ્ચે ઘરમેળે રાજીખુશીથી સુખદ સમાધાન થયેલ હોય અને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૭૯,૧૧૪ તથા ૪૧૧ મુજબનો ગુનો સમાધાન લાયક ગુનો છે. આમ ઉપરોકત તમામ બાબતો લક્ષમાં લેતાં સી.આર. પી.સી. કલમ–૩૨૦ અન્વયે હાલનો ગુનો ઈ.પી.કોડની કલમ–૩૭૯,૧૧૪ તથા ૪૧૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો માંડવાળ થઈ શકે છે અને તે મુજબની આંક–૮ની સમાધાન પુરસીસ રજુ કરેલ છે. તેમજ મુદ્દામાલ વાહનના મુળ માલિક તરફથી આંક–૯થી આ કામના સાહેદ નં.(૮) કે જેઓ મુદ્દામાલ વાહનના મુળ માલિક છે તેઓ તરફથી રજુ થયેલ પુરશીશની હકિકતો મુજબ સદર કામ પરત ખેંચવામાં આવે તો તેમને કોઈ વાંધો ન હોવાની નો–ઓબ્જેકશન પુરશીશ રજુ થયેલ છે. આ સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં આજની મેગા લોક અદાલતમાં ફરીયાદીની હાલની આંક–૮ની સમાધાન પુરસીસ આજરોજ શનિવારની કાયમી લોકઅદાલતમાં રેકર્ડ કરી સમાધાન ગ્રાહય રાખવામાં આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–// **<u>હુ ક મ</u>** //–

૧. હાલના ફરીયાદીની આંક–૮ની સમાધાન પુરસીસ આજરોજ શનિવારની કાયમી લોક અદાલતમાં રેકર્ડ કરવામાં આવે છે અને હાલનો કેસ સમાધાનથી ફેંસલ કરવા ફરમાવવામાં આવે છે.

૨. સી.આર.પી.સી.કલમ–૩૨૦(૮) ની જોગવાઈ અન્વયે આ ગુનાના કામના તહોમતદાર નં.(૧) મહેન્દ્રકુમાર જોધારામ ગરાસીયા (તાઈવાર), નં.(૨) મુકેશકુમાર સ./ઓ. હિન્દુરામ ભીખાજી તાઈવર તથા નં.(૩) ગોપીરામ ઉર્ફે ગોપી ચેલારામ ગમાજી તાઈવર, ત્રણેય રહે.નીચલાગઢ, તા.આબુરોડ,

જિલ્લો–સિરોહી, રાજસ્થાનનાઓને ઈ.પી.કોડની કલમ–૩૭૯, ૧૧૪ તથા ૪૧૧ના શિક્ષાપાત્ર ગુનામાંથી મુકત કરવા ફરમાવવામાં આવે છે.

૩. આ કામે કબજે કરાયેલ મુદ્દામાલ અંગે અગાઉ જે વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે, તે કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–અઢારમી, માહે–એપ્રિલ, સને–બે હજાર છવ્વીસના રોજ વાંચી સંભળાવી શનિવાર ની કાયમી લોકઅદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ: પાલનપુર
તા.૧૮/૦૪/૨૦૨૬.

(મહિપાલસિંહ જશવંતસિંહ બિહોલા)
પ્રિન્સી.સીનીયર સીવિલ જજ અને એડીશનલ
ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં.જીજે–૦૦૬૨૪)

//THAKER//